## ગુજરાત સરકારના માલિકીના વાહનોમાં ડ્રાઇવરોને ગુજરાત મોટર વ્હીકલ્સ એકટ, ૨૦૧૯ (સુધારેલ) ના અમલીકરણ બાબત.

નં. ડીએ/ મોટર વ્હીકલ્સ એકટ, ૨૦૧૯/અમલવારી - 933
વાહન વ્યવહાર કમિશનરની કચેરી
બ્લોક નં.-૬, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનર. તારીખઃ- 12 SEP 2019

## પરિપત્ર

ભારત સરકાર દ્વારા મોટર વ્હીકલ્સ એકટ, ૨૦૧૯ અમલમાં આવેલ છે. આ સુધારેલા કાયદા મુજબ જુદાજુદા પ્રકારના ગુન્હાઓમાં કરવામાં આવેલ વર્ગીકરણ મુજબ ડ્રાઇવર સંબંધિત ગુન્હાઓનો પણ સમાવેશ થાય છે. ગુજરાત સરકારના સેવા રત ડ્રાઇવરોએ વાહન ચલાવતી વખતે નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

(૧ દસ્તાવેજો ઇલેકટ્રોનીકસ સ્વરૂપમા અથવા મૂળ હાર્ડ કોપી સ્વરૂપે સાથે રાખવાના હોય છે. આ દસ્તાવેજોમાં નીચેનો સમાવેશ થાય છે. જેવા કે ડ્રાઇવીંગ લાયસન્સ, આર.સી.બુક, વાહનનો ઇન્સ્યોરન્સ અને પીયુસી.

(૨) વાહન હાંકનાર વાહન ચલાવતી વખતે મોબાઇલ ફોનનો ઉપયોગ કરશે નહીં.

(૩) વાહનમાં સીટબેલ્ટ નો ઉપયોગ કરશે અને વાહન હાંકનાર ની બાજુમાં બેસેલ ઇસમને પણ સીટબેલ્ટ પહેરવાનો રહેશે.

(૪) ડ્રાઇવર વાહનના પોલ્યુશન અન્ડર કંન્ટ્રોલ (પીયુસી) નું પ્રમાણપત્ર રાખશે.

(૫) ટ્રાફિકના નિયમોના અમલીકરણ અધિકારી જો કોઇ વાહન ઉભું રખાવે અને દસ્તાવેજો બતાવીને અને અન્ય જે કોઇ સૂચનાઓ આપશે તેનો અમલ કરવાનો રહેશે.

(૬) સરકારી વાહનમાં હાઇસિકયુરીટી રજીસ્ટ્રેશન પ્લેટ (HSRP) લગાવવની રહેશે.

(૭) વાહન સંબંધિત ભાગો જેવા કે લાઇટ, હેન્ડબ્રેક, સાઇડગ્લાસ, વાઇપર વિગેરે અધ્યત્તન રાખવાના રહેશે.

(૮) જે તે માર્ગ, ધોરીમાર્ગ કે હાઇવે પર નિયત કરવામાં આવેલ ગતિમર્યાદાથી વધુ ગતિમાં વાહન ચલાવી શકશે નહીં.

(૯) ઇમરજન્સી વાહનો જેવા કે, એમ્બયુલન્સ, અગ્નિશામક વાહનોને ફરજીયાત રસ્તો આપવાનો રહેશે.

(૧૦) પ્રતિબંધિત વિસ્તારમાં હોર્નનો ઉપયોગ કરવાનો રહેશે નહીં.

(૧૧) ડ્રાઇવર વાહનનું વિરૂધ્ધ દિશામાં એટલે ઉંધી દિશામાં વાહન ચલાવશે નહીં.

(૧૨) ડ્રાઇવર વાહનનું ખોટી રીતે (WRONG) ઓવરટેક કરી શકશે નહીં.

ઉપરોકત સૂચનાઓનો આપના નિયંત્રણ હેઠળના ડ્રાઇવરોને સૂચનાની અમલવારી કરાવવા જણાવવામાં આવે છે.

વાહન વ્યવહાર કમિશનર
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,

સચિવશ્રી, અગ્રસચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી

ખાતાના વડા – તમામ.

કાર્યવાહક નિયામકશ્રી – તમામ.

કલેકટરશ્રી/જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, તમામ.

ગુજરાત સરકારના જાહેર એકમો – તમામ.

નકલ સવિનય રવાનાઃ-

- અગ્ર સચિવશ્રી, વાહન વ્યવહાર, બ્લોક નં.-૨, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, વાહન વ્યવહાર મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજયકક્ષા) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, નવા સચિવાલય, ગાંધીનગર.